TATA SHAKTEE GC SHEET | JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets | ISC Indian Steel Corporation Ltd. | durashine TATA BLUESCOPE STEEL
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
- Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
- Galvanised Plain Sheet - MS - CRC sheets
- Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
- 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
- Poly Carbonate, PVC Sheets & Roofing Accessories

STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?
ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અધિક જેઠ સુદ તેરસ શુક્રવાર ૨૯ મે, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૮૪

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

# કર્ણાટકમાં સિદ્ધારમૈયાની ખુરશીની કુરબાની!

**ડી. કે.** શિવકુમાર માટે રસ્તો સાફ

**ઇદના** તહેવારે જ કોંગ્રેસ હાઇકમાન્ડે લીધો સીએમ બદલવાનો આખરી નિર્ણય

**કોંગ્રેસ** 'હાઈકમાન્ડ'ના આદેશ બાદ ૭૭ વર્ષીય નેતાએ પદ છોડ્યું; બે વર્ષથી ચાલતી સત્તાની ખેંચતાણનો અંત







બેંગલુરુ, તા. ૨૮ : એક મોટા રાજકીય ઘટનાક્રમમાં કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ પોતાના પદેથી રાજીનામું આપી દીધું છે. કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા પદ છોડવાનો આદેશ મળ્યાના બે દિવસ બાદ, તેમણે ગવર્નરના વિશેષ સચિવ પ્રભુ શંકરને (રાજ્યપાલ થાવરચંદ ગેહલોત રાજ્ય બહાર હોવાથી) પોતાનું રાજીનામું સોંપ્યું હતું. આ સાથે જ નાયબ મુખ્યમંત્રી ડી. કે. શિવકુમાર સાથે છેલ્લા ઘણા સમયથી ચાલી રહેલી સત્તાની લડાઈનો અંત આવ્યો છે.

**પ્રેસ કોન્ફરન્સમાં સિદ્ધારમૈયાની મોટી વાતોઃ "હું હાઈકમાન્ડનો વફાદાર"**

રાજીનામું આપ્યા બાદ સિદ્ધારમૈયાએ એક ભરચક પ્રેસ કોન્ફરન્સને સંબોધિત કરી હતી, જેમાં તેમની બાજુમાં ડી. કે. શિવકુમાર અને અન્ય કેબિનેટ સાથીઓ ઉપસ્થિત હતા.

સિદ્ધારમૈયાએ જણાવ્યું કે, "બે દિવસ પહેલા હાઈકમાન્ડે મને પદ છોડવા કહ્યું હતું અને તે મુજબ મેં આજે રાજીનામું આપી દીધું છે. મને બે વાર કર્ણાટકની જનતાની સેવા

...અનુસંધાન પાના 15 પર ➲

## આગળ શું?

પ્રેસ કોન્ફરન્સ પૂરી થતાં જ સિદ્ધારમૈયા અને ડી. કે. શિવકુમાર બંને અલગ-અલગ ફ્લાઇટ દ્વારા દિલ્હી જવા રવાના થયા છે. દિલ્હીમાં રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગેની હાજરીમાં નવી કેબિનેટની રચના, નવા ધારાસભ્ય પક્ષના નેતાની સત્તાવાર જાહેરાત અને શિવકુમાર મુખ્યમંત્રી બન્યા બાદ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખનું પદ કોને સોંપવું, તે અંગે આગામી એક-બે દિવસમાં અંતિમ નિર્ણય લેવાશે. ઉલ્લેખનીય છે કે મે ૨૦૨૩ની વિધાનસભા ચૂંટણી જીત્યા બાદ, બંને નેતાઓ વચ્ચે અઢી-અઢી વર્ષની 'રોટેશનલ ચીફ મિનિસ્ટર ફોર્મ્યુલા' ગોઠવાઈ હોવાની ચર્ચા હતી, જે આખરે આજે સાચી સાબિત થઈ છે.

## રાજ્યસભાની ઓફર નકારી

તેમણે ખુલાસો કર્યો કે કોંગ્રેસે તેમને દિલ્હી મોકલવા માટે રાજ્યસભાની બેઠક ઓફર કરી હતી, પરંતુ તેમણે તે વિનમ્રતાપૂર્વક નકારી દીધી. તેમણે સ્પષ્ટ કર્યું કે, "મને રાષ્ટ્રીય રાજકારણમાં રસ નથી. હું આગામી બે વર્ષ સુધી વરુણા મતવિસ્તારના ધારાસભ્ય તરીકે સક્રિય રહીને કર્ણાટકની જનતા માટે કામ કરીશ."

## ડેપ્યુટી સીએમ શિવકુમારે પગે લાગી આશીર્વાદ લીધા

રાજીનામું આપતા પહેલા સિદ્ધારમૈયાએ તેમના સત્તાવાર નિવાસે કેબિનેટ મંત્રીઓ માટે બ્રેકફાસ્ટ (નાસ્તો) નું આયોજન કર્યું હતું. આ બેઠક ખૂબ જ ભાવુક રહી હતીઃ મુખ્યમંત્રી કાર્યાલય (CMO) દ્વારા શેર કરાયેલી તસવીરોમાં સિદ્ધારમૈયા ભાવુક બનેલા ડી. કે. શિવકુમારને ગળે લગાડતા જોવા મળ્યા હતા. અન્ય એક તસવીરમાં શિવકુમાર સીએમ સિદ્ધારમૈયાના પગે લાગીને આશીર્વાદ લેતા દેખાયા હતા. બ્રેકફાસ્ટ દરમિયાન જ સિદ્ધારમૈયાએ મંત્રીઓને જણાવી દીધું હતું કે હાઈકમાન્ડના આદેશ મુજબ ડી. કે. શિવકુમાર તેમના ઉત્તરાધિકારી (નવા સીએમ) બનશે.

## સિદ્ધારમૈયાના રાજીનામા બાદ સમગ્ર કર્ણાટકમાં વિરોધ પ્રદર્શનો

**પ્રદર્શનકારીઓએ** ટાયરો સળગાવ્યા, કોંગ્રેસ હાઈકમાન્ડ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા

બેંગલુરુ, તા. 28 (PTI) કોંગ્રેસના નેતા સિદ્ધારમૈયાના સમર્થકોએ ગુરુવારે મુખ્યમંત્રી પદ છોડવાના તેમના નિર્ણય સામે કર્ણાટકના કેટલાક ભાગોમાં વિરોધ પ્રદર્શનો કર્યાં હતાં. બેંગલુરુમાં તેમના સત્તાવાર નિવાસસ્થાન 'કાવેરી'ની બહાર ભાવનાત્મક દૃશ્યો જોવાં મળ્યાં હતાં, જ્યાં મોટી સંખ્યામાં સમર્થકો એકઠા થયા હતા અને તેમને ઘેરી લીધા હતા તથા તેમને પદ ન છોડવા વિનંતી કરી હતી. સિદ્ધારમૈયા તેમને શાંત પાડવાનો પ્રયાસ કરતાં જોવા મળ્યા હતા. જ્યારે તેઓ રાજીનામું આપવા માટે લોકભવન જવા નીકળવાના હતા ત્યારે સમગ્ર માહોલ ભાવનાત્મક થઈ ગયો હતો અને કેટલાક સમર્થકોએ તેમને રાજીનામું આપવા જતા રોકવા માટે તેમના વાહનને રોકવાનો પ્રયાસ કર્યો હતો. શિવમોગ્ગા શહેરમાં સમર્થકોએ શિવપ્પા નાયક સર્કલ પર વિરોધ પ્રદર્શન કર્યું હતું, જેમાં કુરુબા સમુદાયના સભ્યોએ પ્રદર્શનનું નેતૃત્વ કર્યું હતું. સિદ્ધારમૈયાના રાજીનામા સામે નારાજગી વ્યક્ત કરતાં પ્રદર્શનકારીઓએ ટાયરો સળગાવ્યા હતા અને મુખ્યમંત્રીના સમર્થનમાં સૂત્રોચ્ચાર કર્યા હતા. તેમણે માંગ કરી હતી કે સિદ્ધારમૈયા પોતાના પદ પર ચાલુ રહે.

યાદગીરમાં કર્ણાટક પ્રદેશ કુરુબરા સંઘના જિલ્લા યુનિટના સભ્યોએ નેતાજી સર્કલ પર વિરોધ પ્રદર્શન કર્યું હતું અને કોંગ્રેસ હાઈકમાન્ડ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. પ્રદર્શનકારીઓએ માંગ કરી હતી કે, સિદ્ધારમૈયાનું રાજીનામું સ્વીકારવું જોઈએ નહીં અને ટાયરો પણ સળગાવ્યા હતા. તેમણે માનવ સાંકળ બનાવીને વાહનવ્યવહાર ખોરવ્યો હતો. જોકે, પોલીસે તેમને વિખેરવાનો પ્રયાસ કર્યો હતો. સિદ્ધારમૈયાના રાજીનામાથી દુઃખી થઈને પ્રદર્શનકારીઓમાંથી એકે કથિત રીતે પોતાનું જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હતો. ભીમુ તરીકે ઓળખાતા એક પ્રદર્શનકારીએ કથિત રીતે ઝેર ગટગટાવવાનો પ્રયાસ કર્યો હતો અને કહ્યું હતું કે તે સિદ્ધારમૈયા માટે મરવા પણ તૈયાર છે. આસપાસના લોકોએ હસ્તક્ષેપ કરીને ઝેર હોવાની શંકાવાળી બોટલ આંચકી લીધી હતી. યાદગીરના સુભાષ ચંદ્ર સર્કલ પર, સિદ્ધારમૈયાના એક પ્રખર સમર્થક, જેની ઓળખ રાજકુમાર ગનીર તરીકે થઈ છે, તેમણે કોંગ્રેસ નેતાનું પોસ્ટર હાથમાં રાખીને મૌન વિરોધ પ્રદર્શન કર્યું હતું અને તેમના રાજીનામા પર આક્રોશ વ્યક્ત કર્યો હતો.

## દિલ્હી ડાયરી

### દિલ્હીમાં હાઇ-પ્રોફાઇલ પુસ્તક વિમોચન

તાજેતરમાં ભારતના જાણીતા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ રાષ્ટ્રીય પાટનગરમાં યોજાયેલા એક ભવ્ય સમારોહમાં તેમના બે પુસ્તકો લોન્ચ કર્યા. આ પ્રસંગે પોતાની હાજરી નોંધાવવા માટે દરેક ક્ષેત્રની નામાંકિત અને હાઇ-પ્રોફાઇલ હસ્તીઓ ઉપસ્થિત રહી હતી. મહેતાના બે પુસ્તકો 'ધ બેન્ચ, ધ બાર એન્ડ બિઝાર એન્ડ ઓકુલ' અને 'ધ લોકુલ એન્ડ ઓકુલ'ના વિમોચન સમારોહની અધ્યક્ષતા ગૃહમંત્રી અમિત શાહે કરી હતી. તેમણે જ ઔપચારિક રીતે આ પુસ્તકોનું વિમોચન કર્યું હતું. જોકે, એ અલગ વાત છે કે, શાહે અસાધારણ પ્રમાણિકતા સાથે સ્વીકાર્યું કે ૨૫ દિવસ પહેલા પુસ્તકો તેમને મોકલાયા હોવા છતાં તેઓ પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીના પ્રચારમાં વ્યસ્ત હોવાને કારણે તેને વિગતવાર વાંચી શક્યા નથી. તેમના પછી બોલનાર એટર્ની જનરલ આર. વેંકટરામણીએ પોતાના સંબોધનની શરૂઆત જ એવા દાવા સાથે કરી કે તેમણે આ પુસ્તકો વાંચ્યા છે. પોતાના દાવાના પુરાવા તરીકે, તેમણે પુસ્તકો ઊંચા કરીને પાનાઓની વચ્ચે લગાવેલા બુકમાર્ક પણ બતાવ્યા. આ તક ઝડપી લેતાં શાહે કથિત રીતે મહેતાનો ઉલ્લેખ કર્યો કે, તેમણે વિદેશની ન્યાયતંત્ર પ્રણાલી વિશે વાત કરી છે, જોકે, સોલિસિટર જનરલે ભારતીય અદાલતો વિશે પણ આવો જ ઉલ્લેખ કરવો જોઈતો હતો.

**રાજકારણથી પર વ્યવસાયિક સંબંધો**

તાજેતરમાં લોકસભામાં

...અનુસંધાન પાના 15 પર ➲

તા. ૨૯-૦૫-૨૦૨૬નું વડોદરા શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૪૦.૨° સે. | ૩૦.૦° સે. | ૩૬% |

## NEET રી-ટેસ્ટ માટે સરકારનો 'મિશન પ્રૂફ' પ્લાન!

**પેપર** ટ્રાન્સપોર્ટ માટે વાયુસેનાના વિમાનો વપરાશે, પીએમઓ રાખશે સીધી નજર

નવી દિલ્હી, તા. 28: દેશની સૌથી મોટી મેડિકલ પ્રવેશ પરીક્ષા 'NEET-UG'ના પેપર લીક વિવાદે દેશભરમાં હોબાળો મચાવ્યા બાદ હવે કેન્દ્ર સરકાર આગામી ૨૧ જૂનના રોજ યોજાનારી રી-એક્ઝામિનેશન (ફરી પરીક્ષા)ને સંપૂર્ણપણે લીક-પ્રૂફ અને સુરક્ષિત બનાવવા માટે અભૂતપૂર્વ આયોજન કરી રહી છે. પરીક્ષાની વિશ્વસનીયતા પાછી લાવવા માટે હવે દેશની સૈન્ય તાકાત અને વડાપ્રધાન કાર્યાલય (PMO) મેદાનમાં આવ્યા છે. દિલ્હીમાં રક્ષામંત્રી રાજનાથ સિંહના નિવાસે એક અત્યંત મહત્વની અને હાઈ-લેવલ બેઠક યોજાઈ હતી.

આ આશરે ૪૦ મિનિટ ચાલેલી બેઠકમાં શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન, સંચાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા, નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) ના ડાયરેક્ટર જનરલ અભિષેક સિંહ અને PMOના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.

બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી કે કોઈપણ પ્રકારની ગરબડ રોકવા માટે આ વખતે NEET ના પ્રશ્નપત્રોને પરીક્ષા કેન્દ્રો સુધી પહોંચાડવા માટે ભારતીય વાયુસેનાના વિમાનો અને હેલિકોપ્ટર્સનો ઉપયોગ કરવો જોઈએ.

જોકે આ વિકલ્પ પર હજુ અંતિમ મહોર મારવાની બાકી છે અને આ પ્રસ્તાવ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સમક્ષ આખરી મંજૂરી માટે મૂકવામાં આવશે.

**પેપર સેટિંગથી લઈને ડિલિવરી સુધી પીએમઓનો કડક પહેરો**

નવા એક્શન પ્લાન મુજબ, હવે પીએમઓ (PMO) ના અધિકારીઓ પરીક્ષાની સમગ્ર ચેઈન પર બાજ નજર રાખશે. આ કડક મોનિટરિંગ ચાર મુખ્ય સ્તરો પર થશેઃ

**૧. પેપર સેટિંગઃ** શિક્ષકો દ્વારા પ્રશ્નપત્ર તૈયાર કરવાની પ્રક્રિયા.

**૨. પ્રિન્ટિંગઃ** પેપર ક્યાં અને કેવી રીતે છપાય છે તેની ગુપ્તતા.

**૩. ટ્રાન્સપોર્ટેશનઃ** હાઈ-સિક્યોરિટી વચ્ચે પેપરની હેરફેર.

**૪. લાસ્ટ ડિલિવરીઃ** પરીક્ષા કેન્દ્ર પર વિદ્યાર્થીના હાથમાં પેપર પહોંચે ત્યાં સુધીની ક્ષણ.

સૂત્રોના જણાવ્યા અનુસાર, વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે ૨૧ જૂનની પરીક્ષાની તૈયારીઓનું વ્યક્તિગત રીતે નિરીક્ષણ કરી રહ્યા છે અને તેમને દરેક નાની-મોટી વિગતોનો નિયમિત રિપોર્ટ મોકલવામાં આવી રહ્યો છે.

## ઈરાન પછી હવે ઓમાન પર ભડક્યા ટ્રમ્પ

**કહ્યું-** 'હોર્મુઝ સ્ટ્રેટ પર દાદાગીરી કરી તો ઉડાવી દઈશું, મને ચૂંટણીની પરવા નથી'

**વોશિંગ્ટનના** સૌથી જૂના સાથી આ ખાડી દેશને અમેરિકી રાષ્ટ્રપતિની ખુલ્લી ધમકી;

**હોર્મુઝ** સ્ટ્રેટને સંયુક્ત રીતે નિયંત્રિત કરવાના ઈરાન-ઓમાનના ડ્રાફ્ટને વ્હાઇટ હાઉસે ફગાવ્યો



વોશિંગ્ટન/તેહરાનઃ મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા સૈન્ય સંઘર્ષ વચ્ચે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું આક્રમક વલણ હવે ઓમાન દેશ તરફ વળ્યું છે. વ્હાઈટ હાઉસમાં યોજાયેલી કેબિનેટ બેઠક દરમિયાન ટ્રમ્પે અત્યંત આકરા શબ્દોમાં ચેતવણી આપી છે કે વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ એવા 'હોર્મુઝ સ્ટ્રેટ' જળમાર્ગ પર કોઈ એક કે બે દેશોનો કબજો અમેરિકા ક્યારેય સહન નહીં કરે.

આ આખો વિવાદ ઈરાની સ્ટેટ ટીવીના એ અહેવાલ બાદ શરૂ થયો છે, જેમાં દાવો કરાયો હતો કે યુદ્ધ ખતમ કરવાના ભાગરૂપે ઈરાન અને ઓમાન વચ્ચે એક કરાર થવા જઈ રહ્યો છે. આ પ્રસ્તાવિત સમજૂતી (MoU) હેઠળ ઈરાન અને ઓમાન સંયુક્ત રીતે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા કોમર્શિયલ જહાજો પર દેખરેખ રાખવાના હતા અને તેમની પાસેથી ફી વસૂલવાની સિસ્ટમ બનાવવાના હતા. બદલામાં અમેરિકાએ પોતાની નૌસેનાની નાકાબંધી હટાવવી પડે તેમ હતી.

આ અહેવાલોથી ભડકેલા ટ્રમ્પે તેને સંપૂર્ણપણે બનાવટી ગણાવીને ફગાવી દીધા હતા અને કહ્યુંઃ

"હોર્મુઝ પર કોઈનો કંટ્રોલ નહીં ચાલે. આ આંતરરાષ્ટ્રીય જળક્ષેત્ર છે. ઓમાને પણ બાકીના દેશોની જેમ જ સામાન્ય વર્તન કરવું પડશે, નહીં તો અમે તેને ઉડાવી દઈશું."

**અમેરિકાના સૌથી જૂના મિત્રને ધમકીથી દુનિયા સ્તબ્ધ**

ટ્રમ્પના આ નિવેદનથી વૈશ્વિક રાજદ્વારીઓ સ્તબ્ધ છે, કારણ કે ઓમાન ગલ્ફ ક્ષેત્રમાં વોશિંગ્ટનનો સૌથી જૂનો અને સૌથી વિશ્વાસુ ભાગીદાર દેશ રહ્યો છે. ઓમાન પોતાના દેશમાં અમેરિકી સૈન્ય કાર્યક્રમોને હોસ્ટ કરે છે એટલું જ નહીં, પરંતુ તે હંમેશા અમેરિકા અને ઈરાન વચ્ચે પડદા પાછળ રહીને શાંતિદૂત (મધ્યસ્થી) તરીકેની ભૂમિકા ભજવતું આવ્યું છે.

**'મને મિડટર્મ ચૂંટણીની કોઈ પરવા નથી'**

ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન પર પણ નિશાન સાધતા કહ્યું કે, તેહરાનને એમ હતું કે અમેરિકામાં નવેમ્બરમાં યોજાનારી મધ્યસત્ર ચૂંટણીના દબાણમાં આવીને તેઓ (ટ્રમ્પ) કોઈ ઉતાવળિયો સોદો કરી લેશે અથવા યુદ્ધથી પીછેહઠ કરશે.

ટ્રમ્પે સ્પષ્ટ કર્યું, "ઈરાનને લાગતું હતું કે તેઓ મને રાહ જોવડાવીને થકવી દેશે. તેમને લાગ્યું કે મારા

...અનુસંધાન પાના 15 પર ➲

## પ્રાદેશિક પક્ષોની કમાણીમાં મોટો કડાકો

**વર્ષ** ૨૦૨૪-૨૫માં આવક ૫૨% ઘટી, ૨૧ પક્ષોનો ખર્ચ આવક કરતાં વધુ

**ADRના** રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો; પ્રાદેશિક પક્ષો આર્થિક તણાવ હેઠળ

**નવી દિલ્હી, તા. 28:** ચૂંટણી સુધારણા માટે કામ કરતી સંસ્થા 'એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ' (ADR) દ્વારા એક મહત્વનો અહેવાલ જાહેર કરવામાં આવ્યો છે. આ રિપોર્ટ અનુસાર, દેશના મુખ્ય ૩૬ પ્રાદેશિક રાજકીય પક્ષોની સંયુક્ત આવકમાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ૫૧ ટકાથી વધુનો તીવ્ર ઘટાડો નોંધાયો છે. આશ્ચર્યજનક વાત એ છે કે, વિશ્લેષણ કરવામાં આવેલા પક્ષોમાંથી ૨૧ પક્ષોએ તેમની કમાણી કરતાં વધુ નાણાં ખર્ચ કર્યા છે.

ADR દ્વારા ચૂંટણી પંચની વેબસાઈટ પર ઉપલબ્ધ ૬૭ માન્ય પ્રાદેશિક પક્ષોમાંથી ૩૬ પક્ષોના ઓડિટેડ હિસાબોનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં આ પક્ષોની કુલ આવક ૨,૪૬૩.૧૭ કરોડ હતી, જે વર્ષ ૨૦૨૪-૨૫માં ૫૧.૫૭% (૧,૨૭૦.૨૩ કરોડ) ઘટીને ૧,૧૯૨.૯૪ કરોડ થઈ ગઈ છે.

ઘટાડા છતાં, આ પક્ષોનો કુલ જાહેર કરાયેલો ખર્ચ ૧,૪૩૩.૦૭ કરોડ રહ્યો હતો. જે તેમની સંયુક્ત આવક કરતાં ૨૪૦.૧૨ કરોડ (લગભગ ૨૦ ટકા) વધુ છે.

વિશ્લેષણ કરાયેલા પક્ષોમાંથી માત્ર ટોચના ૫ પક્ષો જ કુલ આવકના ૬૯% અને કુલ ખર્ચના ૭૭% હિસ્સો ધરાવે છે.

**સૌથી વધુ કમાણી અને ખર્ચ કરનારા પક્ષો**

**આવકની દ્રષ્ટિએ ટોચના ૩ પક્ષોઃ**

૧. **તેલુગુ દેશમ પાર્ટી (TDP):** ૨૨૮.૩૧ કરોડ (કુલ આવકના ૧૯.૧૪%)

**૨. ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ (AITC): ₹૨૧૯.૩૫ કરોડ**

**3. YSR કોંગ્રેસઃ** ₹૧૪૦.૩૯ કરોડ

**ખર્ચની દ્રષ્ટિએ ટોચના 3 પક્ષોઃ**

**૧. YSR કોંગ્રેસઃ** ₹૩૪૦.૨૦ કરોડ

**૨. બીજુ જનતા દળ (BJD):** ૨૮૮.૪૪ કરોડ

**3. AITC: ₹૨૨૭.૫૯ કરોડ**

૨૧ પક્ષોમાં YSR કોંગ્રેસે પોતાની આવક કરતાં સૌથી વધુ એટલે કે ૧૯૯.૮૨ કરોડ (આવક કરતાં ૧૪૨.૩૩% વધુ) ખર્ચ કર્યો હતો. AITC, BRS, BJD, JD(U) અને સમાજવાદી પાર્ટી (SP)\એ પણ આવક કરતાં વધુ ખર્ચ કર્યો છે.

૧૫ પક્ષો પોતાની આવક પૂરી ખર્ચ કરી શક્યા નથી. જેમાં TDP ૧૬૬.૯૮ કરોડની બચત સાથે મોખરે છે. મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS) ૩૬.૨૭ કરોડ અને AIADMK ૩૫.૮૬ કરોડની બચત સાથે અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે.

**આવકના મુખ્ય સ્ત્રોત અને ખર્ચના ક્ષેત્રો**

**સ્વૈચ્છિક દાન (Donations):** પ્રાદેશિક પક્ષો માટે ફંડિંગનો સૌથી મોટો સ્ત્રોત દાન છે. કુલ આવકના ૫૮.૮૮% એટલે કે ૭૦૨.૩૬ કરોડ દાન દ્વારા આવ્યા છે. જેમાં તૃણમૂલ કોંગ્રેસ (AITC) ૧૮૪.૦૮ કરોડના દાન સાથે સૌથી આગળ છે. વ્યાજની આવક ૨૭૭.૨૧ કરોડ (૨૩.૨૪%) રહી હતી.

**ચૂંટણી પાછળ આંધળો ખર્ચઃ** પક્ષોનો મુખ્ય ખર્ચ ચૂંટણી પ્રચાર અને વહીવટી બાબતોમાં થાય છે. ૧૫ પ્રાદેશિક પક્ષોએ પોતાના કુલ ખર્ચના ૫૫%થી વધુ રકમ માત્ર ચૂંટણી પાછળ વાપરી છે. ચૂંટણી પ્રચારમાં YSR કોંગ્રેસે ૨૯૯.૯૨ કરોડ, BJD એ ૨૭૦.૬૬ કરોડ અને BRSએ ૧૪૭.૯૯ કરોડ ખર્ચ્યા છે.

**ચૂંટણી પંચના નિયમોનું ઉલ્લંઘન**

ADR એ તેના રિપોર્ટમાં રાજકીય પક્ષોની શિસ્તહીનતા અને પારદર્શિતાના અભાવ પર ગંભીર

...અનુસંધાન પાના 15 પર ➲

### કાળઝાળ ગરમી વચ્ચે મેઘરાજાની એન્ટ્રી

## દિલ્હી-NCRમાં વાવાઝોડા સાથે ભારે વરસાદ

**૮૦** કિમીની ઝડપે ફૂંકાયો પવન; હરિયાણા અને ઉત્તરાખંડમાં કરા પડ્યા

**દેશના** 80-90% ભાગોમાં 29 મેથી 5 જૂન સુધી પ્રી-મોન્સૂન વરસાદ થઈ શકે છે

**યુપી**-રાજસ્થાન હજુ પણ હીટવેવની ભઠ્ઠીમાં શેકાયા

**નવી દિલ્હી/ભોપાલ/જયપુર/લખનઉ, તા. ૨૮ (PTI) :** દિવસો સુધી કાળઝાળ ગરમીની સ્થિતિ બાદ દિલ્હીવાસીઓને ગુરુવારે સાંજે રાહત મળી હતી. કારણ કે, રાષ્ટ્રીય રાજધાનીના કેટલાક ભાગોમાં ભારે વરસાદ, વાવાઝોડું અને તેજ પવન ફૂંકાયો હતો, જેની સાથે ભારતીય હવામાન વિભાગ (આઈએમડી)એ આગામી થોડા કલાકો માટે રેડ એલર્ટ જાહેર કર્યું હતું.

આઈએમડીએ શહેરના ઘણાં સ્થળોએ ૮૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની સંભાવના સાથે વીજળીના કડાકા-ભડાકા, ધૂળની ડમરીઓ અને છૂટાછવાયા કરા સાથે મધ્યમથી તીવ્ર વાવાઝોડાની ચેતવણી આપી છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે, વરસાદ અને વાવાઝોડાની વર્તમાન પ્રવૃત્તિ ૩૧ મે સુધી ચાલુ રહેવાની ધારણા છે.

દિલ્હી-એનસીઆર ઉપરાંત હરિયાણામાં પણ બુધવારે સાંજે ભારે વરસાદ પડ્યો હતો. હરિયાણાના ગુરુગ્રામ, રેવાડી અને સિરસા સહિત 8 જિલ્લામાં વરસાદની સાથે કરા પણ પડ્યા છે. હરિયાણાના ફતેહાબાદમાં જોરદાર વાવાઝોડાને કારણે મોબાઈલ ટાવર તૂટીને લટકી ગયો હતો.

આ સિવાય મધ્ય પ્રદેશના કેટલાક જિલ્લાઓમાં વરસાદ પડ્યો છે. છત્તીસગઢના રાયગઢમાં જોરદાર વાવાઝોડાથી વૃક્ષ ઉખડીને કાર પર પડ્યું હતું. રાયપુરમાં પણ ભારે પવન ફૂંકાયો અને વરસાદ પણ પડ્યો છે. પહાડી રાજ્ય ઉત્તરાખંડના પિથોરાગઢ અને બાગેશ્વરમાં પણ ભારે વરસાદ થયો હતો. પિથોરાગઢમાં ઈંડાની સાઈઝના કરા પડ્યા હતા.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દેશના 15થી વધુ રાજ્યોમાં શુક્રવારથી ગરમીથી રાહત મળવાની છે. રાજસ્થાન, મધ્ય પ્રદેશ, બિહાર, યુપીમાં આગામી 3 દિવસ વરસાદ પડી શકે છે. નૌતપામાં ગરમી તેની ચરમસીમા પર છે. ભારતનાં ઘણાં શહેરોમાં તાપમાન 45Cને પાર પહોંચી ગયું છે. કાળઝાળ ગરમી સાથે ફૂંકાતા ગરમ પવનોને કારણે લૂ એટલે કે હીટસ્ટ્રોકનું જોખમ વધી ગયું છે.

દેશના 80-90% ભાગોમાં 29 મેથી 5 જૂન સુધી પ્રી-મોન્સૂન વરસાદ થઈ શકે છે. આ વરસાદ એટલા

...અનુસંધાન પાના 15 પર ➲